બાળકો અને
નવયુવાનો માટે

# હાદી

માસિક

ઝીલહજ, હીજરી સન ૧૪૩૧,
નવેમ્બર - ૨૦૧૦




રૂા. 30/-

# અલ્લાહના નેક નામો




# અલ મોઇઝ્ઝો

અલ્લાહ- તબારક-વ-તઆલાના ગુણો (વિશેષણવાચક નામો)માં એક ગુણ "અલ-મોઇઝ્ઝો" પણ છે.

**આ નામના ઘણાં ફાયદાઓ અને ખાસિયતો છે અને તેના ઘણાં અર્થ થાય છે, તે પૈકી કેટલાંક નીચે મુજબ છે.**

(૧) સંરક્ષણ કરનાર (૨) આદર-માન મરતબો આપનાર (૩) શ્રેષ્ઠતા અને ઉચ્ચ દરજ્જો આપનાર

(૪) "ઈઝ્ઝા" (આદર - માન મરતબો) મનુષ્યની એ પરિસ્થિતિ છે જે મનુષ્યને પરાજિત થવા સામે રક્ષણ આપે છે તેથી "અલ મોઈઝ્ઝો" એ ઝાતને કહેવામાં આવે છે જે આદરણીય વ્યક્તિને (કદી પણ) પાછો પડવા ન દે. પરાજિત થવા ન દે.

**કુરઆન શરીફમાં આ ગુણવાચક નામનું દ્દષ્ટાંત :**

**આ ગુણ વાચક નામનો પ્રયોગ કુરઆન શરીફમાં થયો છે**

**દા.ત. ઇઝા અરસલ્ના અલયહે મુસ્નયને ફકઝ્ઝબહુમા - ફઅઝ્ઝઝ્ના -બેસાલેસિન - ફકાલૂ ઇન્ના ઇલ્યકુમ મુરસલૂન. (યાસીન-૧૪)**

**ભાષાંતર :** " જ્યારે કે અમોએ તેમના તરફ (પ્રથમ વખતે ) બે રસૂલો (યૂહન્ના તથા યુનુસ)ને મોકલ્યાં હતાં પછી જ્યારે તેમણે તે બંનેને જુઠલાવ્યાં ત્યારે અમોએ ત્રીજા રસૂલ (શમઉન)થી (અગાઉ મોકલેલા બંનેને ) બળ પહોંચાડયું, પછી બધાં એ (તે ત્રણે) મળીને કહ્યું કે નિઃશંકપણે અમો તમારા તરફ મોકલેલા રસૂલ છીએ."

**માઅસૂમીન અ.સ.ની વાણી :-** આ ગુણવાચક નામનો પ્રયોગ માઅસૂમીન અ.સ.ની વાણીમાં પણ થયો છે. દા.ત. રજબની પંદરમી તારીખના આઅમાલમાં છે કે "અલ્લાહુમ્મા - મોઈઝ્ઝુલ મોમેનીના - અનતા - કહફી - હીના તોઅયીનિ - યલ - મઝાહિબ અર્થાત - "હે મારા માઅબૂદ ! " દરેક માથા ભારે વ્યક્તિને પરાસ્ત કરનાર અને મોઅમેનીનને માન મરતબો આદર આપાવનાર જ્યારે માર્ગ (ની સફાઇ) મને થકવી દે ત્યારે તું જ મારો સંરક્ષક છે"

## ખાસિયતો અને ફાયદા :

(૧) જો કોઈ વ્યક્તિ જુમ્આ અને સોમવારની રાત્રીઓએ ઈશાની નમાઝ પછી ૧૪૧ વખત 'અલમોઈઝ્ઝો'નો વિર્દ કરે તો અલ્લાહ તઆલા તેના હ્રદયમાંથી દરેક પ્રકારની તમામ બીક અને ડર દૂર કરી દેશે અને તેને લોકોમાં આદર, માન મરતબો અને પ્રભાવ પ્રાપ્ત થશે.

(૨) દિવસ દરમ્યાન "અલ મોઈઝ્ઝો" નો ૧૧૭ વખત વિર્દ કરનારની દરેક હાજત (માંગણી-દુઆ) કબૂલ થશે.

(૩) આદર-માન મરતબાની પ્રાપ્તિ માટે દિવસમાં કોઈ પણ સમયે ૬૯૧ વખત "યા-મયં યોઈઝ્ઝો-લે મર્મ યશાઅ"નો વિર્દ કરવો લાભદાયક છે.

(૪) દિવસના સમયે "યા-ઝલ-ઈઝ્ઝતે-વલ-જલાલ"નો વિર્દ ૯૦ વખત કરવાથી મનુષ્યમાં ખુદાઇ સિફાત, આદર અને પ્રભાવ ઉત્પન્ન કરે છે.



E-mail : hadimanik@yahoo.com

بسم الله الرحمن الرحيم

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

આ માસને કુરબાની-બલિદાનથી કોઈ એવો સંબધ છે કે દરેક કુરબાની સર્વશ્રેષ્ઠ કૃતિ છે. તે કુરબાની હઝરત ઈબ્રાહીમઅ.સ.ની યાદગીરી માની વાજીબ કુરબાનીઓ કે પછી ખુદાની ખુશનૂદી મેળવવા માટેની મુસ્તહબ કુરબાનીઓ હોય.

હાજીઓ હજ અદા કરીને જનાબ ઈબ્રાહીમઅ.સ.ની એ કુરબાનીની યાદ તાજી કરે છે જે ખુદાને તે નબી એ પોતાના એક સપનાને સાકાર કરીને મિનાના મેદાનમાં આપી હતી અને જે લોકો મક્કા જઈને હજ અદા નથી કરી શકતાં તે લોકો પોતાના વતનમાં જ કુરબાની આપીને એવું સાબિત કરે છે કે અમે હજ માટે ન જઈ શકયા તો કાંઈ નહિ. પરંતુ ઈબ્રાહીમઅ.સ.ના આચરણનું અનુસરણ તો કરી જ રહયાં છીએ ને!

ઝીલહજનો મહિનો ઘણા કારણોસર મહત્વ ધરાવે છે. આ માસમાં હજ અદા કરવામાં આવે છે. તે ઉપરાંત "વિલાયતની ઘોષણાં" પણ આ મહિનામાં થયેલી છે, જે એક મહાન ઈદ (ઈદે અકબર) છે. તદ્ ઉપરાંત વિલાયતનો સબંધ આ માસ સાથે એવો પણ છે કે આ માસમાં જ રસૂલે ઈસ્લામસ.અ.વ.એ "મુબાહીલા" માટે આમંત્રણ આપીને નજરાનાના ખ્રિસ્તીઓ સમક્ષ "હક" (સત્ય શું છે તે)ની ઘોષણા કરી દીધી હતી અને વિલાયતને પણ જાહેર કરી દીધી હતી.

આ માસમાં આટલી બધી ખુશીઓ આપણા માટે છે. અરફાના દિવસે "દુઆએ અરફા" ના સ્વરૂપે પરવરદીગાર સાથે વાર્તાલાપ કરવાની એક સુંદર ભેટ હઝરત સૈયદુસ્શોહદા અ.સ.એ આપણને આપી છે અને અરફાના દીવસે આપણે જયારે ઈબાદત અને બંદગી કરતા હોઈએ છીએ ત્યારે સરકાર સૈયદુસ્શોહદાનો એક મહાન ધ્યેયની પ્રાપ્તી માટે મક્કાનો ત્યાગ કરવો તે આપણને એક મહાન કાર્યની યાદ દેવડાવે છે.

વહાલા બાળકો ! આપણે આ માસનો વધુ થી વધુ લાભ લેવો જોઈએ. જેથી દુન્યા અને આખેરતમાં સફળતા પ્રાપ્ત થાય.

વસ્સલામ

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશરીફ
મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં
ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત)

શુષોભન :
સાજીદ પંજ (Skype Graphics)
9898013082
E-mail : sajidpanj@yahoo.in

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com

# ખુદાની માઅરેફત

## (માઅરેફતે - પરવરદિગાર)

**અલ્લાહ - ચતુર - ડહાપણથી ભરેલો અને વિદ્વતાપૂર્ણ છે.**

(સૂરએ નિસાઅ-આયત -૨૬)

**હાદી :** ગરૂજી, આજે મારા મનમાં એક પ્રશ્ન ઉભો થાય છે !

**ગુરૂજી :** તે શું છે ? પુછો તો ખરાં.

**હાદી :** ગુરૂજી ! આપણે આ જગતમાં ઘણી વસ્તુઓ જોઇએ છીએ તો એવું લાગે છે કે કેટલીક વસ્તુઓને તો ખુદાવન્દે આલમે નિરર્થક જ પેદા કરી છે. દા.ત. સર્પ — વીંછી — વિકરાળ પ્રાણીઓ — કાંટાળા વૃક્ષ વગેરે તો તદ્દન નિર્રથક જ પેદા કરવામાં આવ્યા છે, આમની તો કોઇ ઉપયોગિતા જ નથી ને !

**ગુરૂજી :** વત્સ હાદી ! તમે હંમેશા એવા એવા પ્રશ્નો કરો છો જેના જવાબ સમજવા સહેલા નથી હોતા, પરંતુ હું તમને સરળતાથી સમજાવી દઉં છુ. આજે તમે જે પ્રશ્ન કર્યો છે તે ખુબજ મુશ્કેલ છે, તેથી આ પ્રશ્ન સમજાવવા માટે કેટલાંક દૃષ્ટાંતો આપીને સમજાવું છું.

**હાદી :** વારૂ — ગુરુજી ! ઘણું સરસ.

**ગુરૂજી :** અચ્છા બતાવો — તમે રસોડું તો જોયું જ હશે, તેમાં ભોજન રાંધવા માટે ઘણી બધી વસ્તુઓ હોય છે. દા.ત. લોટ — ચોખા — દાળ - મીઠું — મરચું — હળદર — ધાણાં — લસણ — ડુંગળી. તેવી જ રીતે રકાબી — ચમચા — વાટકા — થાળા — ગેસનો ચુલો — ડબ્બાઓ — બીજા વાસણો વિગેરે. હવે જો આપની માતા એ માંસને કોઇ વાસણમાં નાંખશે અને થોડીક વાર પછી રાંધીને તૈયાર કરીને જમવા માટે તૈયાર કરી દેશે. પરંતુ એ બતાવો કે શું આ આટલી સહેલાઇથી થઇ જાય છે ખરૂં ? નાં. પરંતુ


E-mail : hadimasik@yahoo.com

આના માટે રસોડામાંની બધી નહીં પરંતુ કેટલીક જરૂરીયાત મુજબની વસ્તુઓ વાપરવી પડે છે, ત્યારે માંસ રંધાઇને તૈયાર થાય છે. આપણને તો એમ લાગે છે કે રસોડાની આ બધી વસ્તુઓ એમ જ નક્કામી છે. પરંતુ માતા જ જાણે છે કે કયું વાસણ ક્યારે વાપરવામાં આવે છે અને કઇ વસ્તુ શા માટે અને ક્યારે વપરાય છે ! તેવી જ રીતે ખુદાવન્દે આલમે આ જગતમાં ઘણી વસ્તુઓનું સર્જન કર્યુ છે. તે બધી વસ્તુઓની ઉપયોગીતાની જાણકારી આપણને નથી. જે વસ્તુની જાણકારી આપણને નથી તે વસ્તુ આપણને નક્કામી લાગે છે પરંતુ તે (ખુદા) તો તે બધી વસ્તુઓની ઉપયોગીતાથી જાણકાર છે અને તે એટલો ડહાપણથી ભરેલો છે કે તેણે દરેક વસ્તુને યથાસ્થાને રાખી છે.

હાદી : મારા માયાળુ ગુરૂજી ! આ વાત તો હું સમજી ગયો કે ખુદાવન્દે આલમે દરેક વસ્તુનું કોઇને કોઇ ધ્યેયથી સર્જન કર્યું છે. પરંતુ મને કોઇ બીજું પણ દ્દષ્ટાંત આપીને સમજાવો તો સારૂં.

ગુરૂજી : વારૂ ! તમે સાંભળ્યું હશે કે કોઇ સ્થળે લોકોએ વિચાર્યું કે આ શિયાળોને તો ખુદાએ કોઇ ઉપયોગીતા વગર જ પેદા કર્યા છે. તેમનો કોઇ લાભ - ઉપયોગીતા નથી તેથી તેમણે શિયાળોને મારી નાંખીને ખતમ કરી દેવાની ઝુંબેશ ઉપાડી અને ઘણી મોટી સંખ્યામાં શિયાળોને મારી નાંખ્યા. અમુક સમય વિત્યો પછી લોકોએ જોયું કે સસલાની સંખ્યા ખુબજ વધી ગઇ છે અને તે ખેડૂતોના તમામ પાક નાશ કરી નાખે છે, જ્યારે સસલાઓની આવી રીતે સંખ્યા વધી જવાના કારણ અંગે ચિંતન કરવામાં આવ્યું ત્યારે ખબર પડી કે હવે આ પ્રદેશમાં શિયાળો રહ્યાં નથી. તેથી સસલાઓની વૃધ્ધીને નિયંત્રિત રાખનાર કોઇ નથી તે કારણે જ સસલાઓની સંખ્યા અનહદ વધી ગઇ છે, ત્યારે તેમને સમજાયું કે શિયાળોને મારી નાખવું તે આપણાં માટે નુકશાનકારક થઇ પડ્યું છે અને શિયાળને પેદા કરવા પાછળ પણ ખુદાવન્દે આલમે કોઇ કારણ તો રાખ્યું જ હતું.

# કુરઆન

## પૂર્વના નિષ્ણાંત વિદ્વાનોની દ્રષ્ટિએ



### જ્યોર્જ સેલ :-

ખ્રિસ્તી દ્રષ્ટિબિન્દુથી પ્રેરાઇને અગાઉ થઇ ગયેલા કુરઆન મજીદના ભાષાંતરકારો ઇસ્લામ વિશે ખોટી વિચારસરણી ધરાવતાં હતાં અથવા તો પૂર્વગ્રહથી પિડાતાં હતાં અને તે ભાષાંતરકારોએ કુરઆન અને ઇસ્લામ વિષે જે બિન પાયેદાર વાતો લખી છે તેનું કારણ એ છે કે કોઇને પણ આવા ભૂંડા અને જરી - પૂરાણાં વિચારોને જાહેર કરવા બાબતે કોઇ ખતરો દેખાયો નહોતો અને કોઇએ તેમની વિરૂધ્ધ કોઇ પગલાં પણ લીધા નહીં તેથી તેમણે તકનો લાભ ઉઠાવીને પોતાને મનગમતી રીતે પોતાના પૂર્વગ્રહોથી પ્રેરાઇને, તેમજ પોતાની ઇચ્છા પ્રમાણે કુરઆન અને ઇસ્લામની સાથે આવો વ્યવહાર કરી નાંખ્યો.

### રેનાલ્ડ નિકલ્સન :-

ઇસ્લામની પ્રગતિનું સૌથી મહત્વનું અસરકારક પ્રેરકબળ કુરઆન મજીદ છે. જેમાં સંદેશાના સ્વરૂપે ઇલ્હામ અને વહી વડે આવેલી અલ્લાહની તમામ આજ્ઞાઓ મોજુદ છે. જે હઝરત જિબ્રઇલ અ.સ. દ્વારા લાવવામાં આવી હતી. હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ. એ ઇલાહી સંદેશાઓને મેળવ્યા પછી પોતાના અસ્હાબ (સાથીઓ) અને અનુયાયીઓ સુધી પહોંચાડયા અને કેટલીક વ્યક્તિઓને આ કાર્ય માટે નિયુક્ત કર્યા કે તેઓ આ સંદેશાઓને (એટલે કે કુરઆનની આયતોને ) ખજુરના પાંદડા - ચર્મ - અથવા લોકોને હાથવગી હોય તેવી કોઈપણ વસ્તુ ઉપર કાળજી પૂર્વક લખી લે. આ ઇલાહી અને રબ્બાની સંદેશાઓનો સિલસિલો ૨૩ વરસ સુધી એટલે કે પયગમ્બર સ.અ.વ.ના બેઅસતના કાળ સુધી ચાલુ રહ્યો હતો.





E-mail : hadimasik@yahoo.com

## થોમસ કાર લાઇલ :-

કુરઆન મજીદ મુસલમાનોનું એક પવિત્ર ધાર્મિક પુસ્તક છે. કુરઆનના અનુયાયીઓ કુરઆનને જે આદર આપે છે તેટલો આદર ખ્રિસ્તીઓ બાઇબલને આપતાં નથી. અરબી જેવી અલંકારિક અને વાકછટાથી સમૃધ્ધ ભાષામાં હોવાને કારણે કુરઆનનું ભાષા સૌંદર્ય વધુ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે. યુરોપવાસીઓ પાસે અરબી ભાષાનું મૂળ કુરઆન ન હોવાથી (તેમની પાસે તો ફક્ત ભાષાંતર હોવાથી) તેઓ કુરઆનના ભાષા સૌંદર્યનું રસપાન કરી શકતા નથી. અન્ય ભાષામાં ભાષાંતર થવાથી કુરઆનનું અસલી ભાષા સૌંદર્ય જળવાઇ રહેતું નથી.

(તારીખે તરજુમએ કુરઆન - દર - જહાં પા. ૪૦)

કુરઆન મજીદના વિદ્વતાપૂર્ણ વાકયો જે પયગમ્બરે ઇસ્લામ સ.અ.વ.ના પવિત્ર અસ્તિત્વમાં સમાએલાં હતાં તેનાથી આપ સ.અ.વ.ની મુબારક જીભ વડે સાંભળવા મળ્યાં તેવા વાકયો ઘણાં ઓછા છે.

આશ્ચર્ય એ વાતનું થાય છે કે વ્યાકરણ, શબ્દકોષ અને વાકય રચનાની દૃષ્ટિએ કુરઆન મજીદ અરબી ભાષાના વ્યાકરણ અને ભાષા શાસ્ત્રને તદ્દન અનુરૂપ છે. આમ છતાંય કેટલાંક લોકોએ કુરઆન મજીદની વાકય રચાનોઓની કુશળતા અને ભાષાની અલંકારિકતા અંગે કંઇક લખવાની બાબતમાં પોતાની પુરેપુરી શક્તિઓ લગાડી દીધી તેમ છતાંય તેમાં તેઓ આજ સુધી સફળ થઇ શક્યાં નથી. સાહિત્યિક દ્રષ્ટિબિંદુથી કુરઆન મજીદ અરબી ભાષાના ગદ્ય અને પદ્યનું સૌથી શ્રેષ્ઠ પુસ્તક છે.

## જે. એમ. રોટવેલ :-

એ વાત અત્યંત સુનિશ્ચિત છે કે ઉચ્ચ વિચારો અને ગહન તેમજ સુક્ષ્મ બિંદુઓને કારણે કુરઆને મજીદ એક અતિ આદરણીય પુસ્તક છે. આ પુસ્તક જ એવું પ્રાણ ફૂંકનારૂ પુસ્તક છે જેણે એક દરિદ્ર અને પછાત કોમમાં પરિવર્તન આણી દીધું અને પૂર્વ અને પશ્ચિમ દિશાઓમાં પોતાના પંખ એવી રીતે ફેલાવ્યાં કે એક મહાન સામ્રાજયનું શાસન સ્થાપિત થઇ ગયું. કુરઆન મજીદનું એક મહાન સ્થાન એ પણ છે કે તે અનન્ય - એક માત્ર ખુદા અને આ સૃષ્ટિના સર્જનકર્તા સાથે સંબંધ



ધરાવે છે (તેની વાણી છે ) અને તેણે (અલ્લાહે)તે પુસ્તકને એક મુર્તિપુજક કોમની વચ્ચે મોકલીને અલ્લાહના એક અને એક માત્ર હોવાની (વહદાનિયતની) ઘોષણાં કરી. પશ્ચિમવાસીઓએ હકીકત ભૂલવી જોઇએ નહીં કે તેઓ પણ આ પુસ્તકના જ ઋણી છે કે જેણે મધ્યયુગના અંધકારમય કાળને જ્ઞાન ને વિદ્યાઓના સૂર્યપ્રકાશ વડે પ્રકાશિત કર્યો હતો.

## બાર સેન્ટર હેલર :-

કુરઆન મજીદ અરબી ભાષાની એક અતિ અદ્વિતિય કૃતિ છે. એ હકીકત પણ સ્વીકારવી પડે કે કુરઆનનું દેખીતું સૌંદર્ય પણ તેની અર્થપૂર્ણતાની મહાનતાથી ઓછું નથી. તેમાં શબ્દરચનાની શક્તિ, વાક્યોની અલંકૃત રચના અને વિચારોની તાજગી એટલા પ્રબળ પ્રમાણમાં દ્રષ્ટિગોચર થાય છે કે બુધ્ધિ તેની અર્થપૂર્ણતાથી અભિભૂત થાય તે પહેલા જ હ્રદય તેનાથી પ્રભાવિત થઇ જાય છે. આ સ્પષ્ટ અને પ્રકાશિત પધ્ધતિ ફક્ત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ. સાથે જ સંકળાએલ છે કે જેમણે પોતાની ચમત્કારિક (મોઅજેઝા જેવી) વાણી વડે શ્રોતાઓને પોતાની તરફ ખેંચી લીધાં. પયગમ્બરે ઇસ્લામ સ.અ.વ. બીજા નબીઓથી આ ગુણની દ્રષ્ટિએ સર્વ શ્રેષ્ઠ છે અને એમ કહેવું ખોટું નહીં ગણાય કે જગતમાં ક્યારેય, કોઈપણ યુગમાં એવો કોઇ વ્યક્તિ જનમ્યો નથી જેની વાણીમાં આ ગુણો આટલા મોટા પ્રમાણમાં મોજુદ હોય.

કુરઆન મજીદ પોતાની વિશિષ્ટ શૈલી ઉપરાંત વિવિધ વિષય વસ્તુઓ અને અનેક લાભો પણ ધરાવે છે, એમાં ધાર્મિક પ્રશસ્તિ પણ છે અને અલ્લાહની પ્રશંસા અને હમ્દ પણ છે. તે સિધ્ધાંતો અને કાયદા-કાનૂનોથી ભરપૂર પણ છે અને સાથે શુભ સમાચાર આપનાર છે (બશીર) અને ડરાવનાર (નઝીર) પણ છે.



# સૌથી મોટો પહેલવાન

એક દિવસ પયગમ્બર સ.અ.વ. એક જગ્યાએથી પસાર થઈ રહ્યાં હતાં, ત્યાં આપે જોયું કે ટોળાની વચ્ચે એક શક્તિશાળી વ્યક્તિ પોતાની શક્તિનું પ્રદર્શન કરી રહ્યો છે અને તે પત્થર કે જેને ‘‘પહેલવાનોનો પત્થર’’ કહેવામાં આવે છે તે ઉપાડવા પ્રયત્ન કરી રહ્યો છે અને આ તમાશો  જોનારા તેને ઉશ્કેરી રહ્યાં હતાં. નબી સ.અ.વ.એ પુછ્યું  : ‘‘આ ભીડ શાની છે ?’’ તો લોકોએ તે પહેલવાનના શક્તિ પ્રદર્શનની વાત કરી. આપ સ.અ.વ.એ ફરમાવ્યું : ‘‘શું હું તમને એ જણાવું કે સૌથી વધુ શક્તિશાળી પહેલવાન કોણ છે ?’’ લોકોએ અરજ કરી ‘‘હે અમારા આકા અને સરદાર ! જરૂર જણાવો.’’ આપ સ.અ.વ. એ ફરમાવ્યું : ‘‘સૌથી શક્તિશાળી પહેલવાન એ વ્યક્તિ છે જેને કોઈ ગાળો આપે તો સહન કરી લે અને પોતાના બંડખોર અને બદલો લેનાર અંતર આત્મા ઉપર કાબુ મેળવી લે, અને પોતાની અંદર રહેલા શયતાન ઉપર જીત મેળવી લે.’’





# ઇમામ મોહમ્મદ બાકિર અ.સ. ની શહાદત

૭-ઝિલ્હજ સને-૧૧૪ હિજરીના દિવસે હશામ બિન અબ્દુલ મલકએ ઝેર આપીને ઇમામ મોહમ્મદ બાકિર અ.સ.ને શહીદ કરી દીધાં હતાં. શહાદતની રાત્રે ઇમામ બાકિર અ.સ.એ પોતાના ફરઝન્દ ઇમામ સાદિક અ.સ.ને ફરમાવ્યું હતું : “આજે રાત્રે હું આ જગતમાંથી વિદાય લઇને ચાલ્યો જઇશ. મેં આજે સપનામાં બાબા (પિતા) ને જોયાં છે જેમણે મને એક ખાસ સર્વશ્રેષ્ઠ શરબત પિવડાવ્યું અને જન્નત અને હકના દિદારની ખુશખબરી સંભળાવી હતી. બીજી રિવાયતમાં એવું છે કે ઇમામ ઝૈનુલ આબેદીન અ.સ.નો સાદ સંભળાયો હતો કે “હે મુહમ્મદ ! હવે આવી જાવ કે અમે તમારી પ્રતિક્ષા કરી રહ્યાં છીએ.”



ઝેર આપ્યા પછી ઇમામ બાકિર અ.સ. ત્રણ દિવસ સુધી બીમાર રહ્યાં હતાં અને તે પછી આપ અ.સ. અને ઇમામ સજ્જાદ અ.સ.ની કબરો પાસે "જન્નતુલ બકીઅ" માં દફનાવવામાં આવ્યાં હતાં.

ઇમામ બાકિર અ.સ.એ પોતાની શહાદતથી પહેલા પોતેજ પોતાના શોક અને માતમ માટે ૮૦૦ દિરહમ અનામત રાખી દીધા હતાં અને તે વિષે પોતાના મહાન ફરઝન્દને વસીયત ફરમાવી હતી કે : "હે જાઅફર ! મારા ધન-દોલતમાંથી આટલો જથ્થો એ લોકો માટે વકફ કરી દો જે "મિના"ના સ્થળે મારા માટે રડે અને માતમ કરે અને દર વરસે હજના દિવસો દરમ્યાન મારા ઉપર રૂદન કરે."

ઇમામ મોહમ્મદ બાકિર અ.સ.એ પોતાના જીવનકાળમાં ઘણીજ કઠિનાઇઓ - મુશ્કેલીઓ વેઠી હતી. બાળપણમાં મુસીબતોએ આપને ઘેરી લીધા હતાં. કરબલાના પ્રસંગો અને તે પછી બંદી અવસ્થાના પ્રસંગોએ આપે પણ અન્ય બાળકો સાથે સતત મુસીબતો વેઠી હતી. આપને જ્યારે પણ કરબલાના દ્રશ્યો યાદ આવતા, આપની આંખોમાંથી મોતીઓની જેમ આંસુઓની ધાર વહેવા લાગતી હતી.





# લાલચ ખોટી ટેવ છે

એક વખતની વાત છે કે એક કુતરો ખુબજ ભૂખ્યો હતો અને ભોજનની શોધમાં આમ-તેમ ભટકતો હતો. અચાનક તેને એક હાડકું મળી ગયું, તેણે હાકડાને મોઢામાં પકડીને ચાલતી પકડી. તે એક નહેરની સાથે સાથે ચાલતો હતો, અચાનક તેણે નહેર તરફ જોયું તો તેને પોતાનું જ પ્રતિબિંબ તેમાં દેખાયું અને તેણે એવું જોયું કે એક બીજો કુતરો કે જેના મોઢામાં પણ હાડકું છે તે તેને જોઇ રહ્યો છે. ત્યારે તેણે વિચાર્યું, હું એ કુતરા પાસેથી તેનું હાડકું ઝુંટવી લઉં. એ કુતરો તો અત્યંત દુબળો પાતળો લાગે છે, પછી તેણે વિચાર્યું કે ચાલો જવા દો, એક હાડકું તો મારી પાસે છે જ ને ? પરંતુ તેનો આ વિચાર તેના લોભને રોકી શક્યો નહીં અને લોભમાં અને લોભમાં તેણે વિચાર્યું કે મારી પાસે એક ને બદલે બે હાડકા થઇ જાય તો તો મજા પડી જશે.

આમ વિચારીને તેણે તે બીજા કુતરાને ડરાવવા માટે-ભોંકવા માટે મોઢું ખોલ્યું અને ફક્ત એક વખત જ "ભોં" કરીને રહી ગયો.

કેમકે તેના ભોંકતાંની સાથે જ તેના મોઢામાં પકડેલું તેનું હાડકું પણ પાણીમાં પડી ગયું અને વહી ગયું અને તે કુતરો પોતાનું હાડકું પણ ગુમાવી બેઠો અને અફસોસ કરવા લાગ્યો કે બીજા હાડકાના લોભમાં તો મારૂં હાડકું પણ ગયું.

પછી તેણે વિચાર્યું કે હવે કદીયે હું લાલચ નહીં કરૂં અને જે મળશે તેનાથી જ સંતોષ માનીશ.

તો બાળકો ! તમારે પણ લાલચ લોભથી બચવું જોઇએ કેમકે લાલચ ખોટી ટેવ છે, તેમાં નુકશાન જ છે અને લાલચનું પરિણામ કદીયે સારૂ નથી આવતું.



# નેકીઓ

## આત્મ મંથન

### (પોતે જ પોતાના કાર્યોનો પોતાની પાસેથી હિસાબ લેવો તે)

રિવાયતમાં આવ્યું છે કે નબીયે કરીમ સ.અ.વ.એ અબુઝરથી ફરમાવ્યું કે પોતાના આત્મા પાસેથી (પોતાના કાર્યોનો) હિસાબ લેવો - તમારો હિસાબ (અલ્લાહ તરફથી) લેવામાં આવે તે પહેલા. એટલા માટે કે પોતે જ હિસાબ કરવો તે આવતી કાલે થનારા (કયામત પછી થનાર) હિસાબ કરતા વધારે સહેલું છે અને પોતાના અંતર આત્માની કસોટી કરી લો એની પહેલાં કે તેની (હિસાબના દિવસે અલ્લાહ દ્વારા) કસોટી કરવામાં આવે. અને મહાન કયામત માટેની પોતાની તૈયારીઓ સંપૂર્ણ કરી લો. તમારી કોઇ ગુપ્તમાં ગુપ્ત બાબત પણ ખુદાથી છુપી નથી.

આપનાથી જ એવી રિવાયત પણ છે કે હે અબુઝર ! કોઈપણ વ્યક્તિ જયાં સુધી પોતેજ પોતાના અંતરનો હિસાબ ન લઈ લે ત્યાં સુધી તેણે સંતોષ માનવો જોઈએ નહી. કેમકે પોતે જ પોતાના અંતરનો હિસાબ લેવો તે બીજાઓ દ્વારા લેવામાં આવતા હિસાબથી ઘણું સખ્ત હોય છે. તેણે એ હકીકત જાણી લેવી જોઈએ કે તેને કયાંથી ખાવા પીવાની વસ્તુઓ મળે છે અને કયાંથી પહેરવા માટે નવા વસ્ત્રો મળે છે. હલાલ (રોજી) થી કે હરામ(રોજી) થી, હે અબુઝર ! જયારે કોઈ વ્યક્તિ એ બાબતની દરકાર નથી રાખતી કે માલ કયાંથી આવ્યો છે તો અલ્લાહ પણ તેની દરકાર નથી રાખતો કે જહન્નમમાં તેને કઇ જગ્યાએથી પ્રવેશ આપવો.

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.થી. રિવાયત છે કે હે આદમના પુત્ર ! સારી વસ્તુઓ (ખૈર) તારાથી ત્યાર સુધી અળગી થશે નહીં જયાં સુધી કોઇ તારા અંતર પાસે બોધ આપનાર હોય અને જયાં સુધી તારા અંતર - આત્મા પાસેથી હિસાબ લેવાતો રહેશે. હે આદમનાં પુત્ર ! તારા અવસાન પછી તને ફરી જીવિત કરવામાં આવશે અને અલ્લાહની સમક્ષ જવાબ આપવા માટે ઉભો કરી દેવામાં આવશે. તેથી આજથી તે ક્ષણ માટે તૈયાર થઈ જા, જયારે તારે અલ્લાહ સમક્ષ પોતાના કાર્યનો જવાબ આપવો પડશે.



# અરફાનો દિવસ

**અરફાનો દિવસ અનેક કારણોસર ખુબજ મહત્વનો દિવસ છે. તે દિવસની કેટલીક મહત્વની ઘટનાઓ નીચે મુજબ છે :**

**(૧) મસ્જિદમાંથી બારણા બંધ :-** પયગમ્બરે અકરમ સ.અ.વ. મદીના આવીને રહ્યાં, તેના શરૂઆતના દિવસોમાં ઘણા સહાબીઓ અને પયગમ્બર સ.અ.વ.ની પત્નિઓના મકાનોના બારણાં આજે મસ્જિદે નબી સ.અ.વ.ના નામે પ્રખ્યાત છે તે મદીનાની મસ્જિદમાં પડતાં હતાં. આ બારણાઓ પૈકી એક બારણું ઇમામ અલી અ.સ. અને ફાતેમા સલા.ના ઓરડાનું પણ હતું, આજના દિવસે નબી સ.અ.વ.એ એ બધાં બારણાં બંધ કરાવી દીધા પરંતુ ઇમામ અલી. અ.સ.ના ઓરડાના બારણાને જેમનું તેમ રહેવા દીધું, તેને કારણે લોકોએ વાંધો લીધો ત્યારે નબી સ.અ.વ.એ ફરમાવ્યું : "જુઓ ! મેં મારી ઇચ્છાથી ન તો તમારા બારણાં બંધ કરાવ્યા છે કે ન તો મારી મરજીથી અલી અ.સ.ના બારણાને ખુલ્લું રહેવા દીધું છે પરંતુ આ કામ તો ખુદાની મરજી અને તેની





આજ્ઞાથી કરાવવામાં આવ્યું છે. ખુદાએ બધાને બહાર કરી દીધા છે અને ખુદાએ જ ફક્ત અલી અ.સ.ને દરેક રીતે પોતાની મસ્જીદમાં આવવાની પરવાનગી આપી છે.''

**(૨) દુઆએ અરફા :-** સને ૬૦ હિજરીમાં જ્યારે યઝીદ મલઉને ઇસ્લામને યઝીદના હાથે વેચી નાંખી ઇમામ હુસૈન અ.સ. પાસેથી બયઅતની માંગણી કરી ત્યારે આપ મદીનાનો ત્યાગ કરીને મક્કા આવી ગયાં અને ત્યાં કેટલાક મહીનાઓ સુધી મુકામ કર્યો પરંતુ જ્યારે હજના દિવસો આવ્યાં અને બધાં હાજીઓ જ્યારે હજ અને ઉમરાહના અહકામ બજાવી લાવવામાં પ્રવૃત્ત થઇ ગયાં ત્યારે ઇમામ હુસૈન અ.સ. પાસે પણ હજ અને ઉમરાહની તક હતી, પરંતુ જ્યારે આપને લાગ્યું કે યઝીદના પ્રતિનિધિઓ કાઅબાની જ પવિત્ર આદરને પાત્ર ધરતી ઉપર મારૂ લોહી રેડવા ચાહે છે અને હાજીઓના વેશમાં અહરામમાં ખંજર છુપાવીને તક શોધી રહ્યા છે - તો આપે હજના એક દિવસ પહેલા જ ૯ - ઝિલ્હજના દિવસે ત્યાંથી રવાના થવાની ઘોષણાં કરી અને કુટુંબીજનો અને કેટલાંક સાથીઓ (સહાબીઓ) સાથે 'અલવિદા' માટે મેદાને અરફાતમાં પહોંચીને એક ખુબજ લાંબી દુઆ પઢી, જેમાં ખુદા સાથે રાઝોન્યાઝની વાતો કરી અને તે વખતની પરિસ્થિતિ - ઇસ્લામની જરૂરીયાતો અને બીજી અન્ય સમસ્યાઓનું દુઆના રૂપમાં વર્ણન કર્યું અને ત્યાંથી વિદાય લીધી.

આ દુઆને "અરફાના દિવસની દુઆ - દુઆએ રોઝે અરફા" કહેવામાં આવે છે આપણે બધાએ આ દુઆ પઢવી જોઇએ અને તેના અર્થ અંગે મનન કરવું જોઇએ, આ દુઆ "મફાતીહ" અને દુઆની બીજી કિતાબોમાં પ્રસિધ્ધ થયેલી છે.

# હજ્જે બયતુલ્લાહ



શરીઅત પ્રમાણે હજ શબ્દનો અર્થ ખાસ આઅમાલનો સમુહ છે અને આ એ અરકાન (કાર્યો) માંથી એક રૂકન (કાર્ય) છે જેના ઉપર ઇસ્લામનો પાયો રાખવામાં આવ્યો છે. જેમકે ઇમામ મુહમ્મદ બાકિર અ.સ.થી રિવાયત છે કે "બનચલ ઇસ્લામ અલા ખમ્સા – અલ્લસ્સલાત – વઝ્ – ઝકાત – વલ - સવં – વલહજ – વલ - વિલાયાહ." **ઇસ્લામનો પાયો પાંચ વસ્તુઓ (કાર્યો) ઉપર રહેલો છે : નમાઝ – ઝકાત – રોજો – હજ અને વિલાયત પર.**

હજ વાજિબ હોય કે મુસ્તહબ, ઘણી ફઝીલત - ઘણો મોટો અજ (બદલો) ધરાવે છે અને તેની ફઝીલત વિશે પયગમ્બરે અકરમ સ.અ.વ. અને અહલેબૈત અલયહિસ્સલામથી ઘણી મોટી સંખ્યામાં રિવાયતો જણાવવામાં આવેલી છે. દા.ત.

**ઇમામ સાદિકથી રિવાયત છે કે. :**

હજ અને ઉમરાહ કરવાવાળાઓ અલ્લાહના (લોકોનો) સમુહ છે, જો તેઓ અલ્લાહ પાસે કાંઇ માંગે તો તે તેમને અતા કરે છે અને તે અલ્લાહને પોકારે તો તેમને જવાબ આપે છે અને તે કોઇની મુક્તિની ભલામણ (શિફાઅત) કરશે તો તેમની તે ભલામણ સ્વીકારે છે અને જો તેઓ ચુપકીદી સેવે તો પણ તે (અલ્લાહ) પોતે પહેલ કરે છે અને તેમને એક દિરહમના બદલામાં દસ લાખ દિરહમ આપવામાં આવે છે.



E-mail : hadimanik@yahoo.com

## હજ વાજિબ હોવાનો ઇન્કાર કરનાર અને હજને તજી દેનાર અંગેનો હુકમ :



હજ વાજિબ હોવાની બાબત કિતાબ અને સુન્નતથી સાબિત થએલ છે અને આ દીનની આવશ્યકતાઓ પૈકી છે અને બંદો આ અંગેની આગળ વર્ણવવામાં આવેલી છે તે શરતો પરિપૂર્ણ કરતો હોય અને હજના વાજિબ હોવાની બાબતની પણ જાણ હોય તેમ છતાં તે હજ અદા ન કરે તો તે ગુનાહે કબીરા છે. અલ્લાહ તઆલા પોતાની કિતાબ(કુરઆન)માં ફરમાવે છે કે : વ-લિલ્લાહે અલન્નાસે હજ્જલ બૈતા મનિસ્તાઆ ઇલ્યહે સબીલા – વ – મન કફરા – ફ ઇન્નલાહા ગની યો અનિલ આલેમીન. અર્થાત લોકો ઉપર વાજિબ છે કે ફક્ત ખુદા માટે ખાન-એ-કાઅબાનો હજ કરે. એ લોકો કે જેમની પાસે ત્યાં સુધી પહોંચવાની શક્તિ – સાધન સંપન્નતા હોય અને શક્તિ – સાધન સંપન્નતા હોવા છતાં યે જો કોઇ હજ કરવાનો ઇન્કાર કરે તો (યાદ રાખો કે) ખુદા તો આખાયે જગતથી બેપરવા છે.

ઇમામ સાદિક અ.સ.થી રિવાયત છે કે જો કોઇ વ્યક્તિને હજ નહીં કરવાનું કોઇ કારણ ન હોય અથવા એવી કોઇ બીમારી ન હોય જેનાથી તે હજ કરવા શક્તિમાન ન હોય અને કોઇ શાસક તેમાં આડખીલીરૂપ પણ ન બનતો હોય, તે પરિસ્થિતિમાં તે વ્યક્તિ આ જગતમાંથી (ઇસ્લામી હજ ન કરી હોય તે સ્થિતિમાં) મૃત્યુ પામે તો એ એવું છે કે જાણે તે યહૂદી કે ખ્રિસ્તી તરીકે મૃત્યુ પામ્યો હોય.



# આલે મુહમ્મદ સ.અ.વ.ની મહાન ઇદ (ઇદે ગદીર)



૧૮મી ઝિલહજનો દિવસ એ મહાન દિવસ છે જે કેટલાયે કારણોસર મહત્વનો છે. તે દિવસની કેટલીક ઘટનાઓ નીચે મુજબ છે :

(૧) આજનો દિવસ આલે મુહમ્મદ સ.અ.વ. અને તેમના ચાહવાવાળાઓ-અનુયાયીઓ- માટે એક મહાન ઇદનો દિવસ છે, કેમકે અંબિયા - અવલિયા અને અવસિયાએ ઇલાહીની અસંખ્ય જહેમતો પછી ઈમામ અલી અ.સ.ની બિલાફસ્લ (ડાયરેક્ટ) વિસાયત અને વિલાયતની ઘોષણાં થઇ હતી.

(૨) આજનો દિવસ આસમાની ઇદનો દિવસ છે.

(૩) આજના દિવસે જ ખુદાવન્દે આલમે હઝરત ઇબ્રાહીમ અ.સ.ને આગમાંથી મુક્તિ અતા ફરમાવી હતી.

(૪) આજના દિવસે જ ખુદાવન્દે આલમે હઝરત આદમ અ.સ.ની તૌબા કબુલ ફરમાવી હતી.

(૫) આજના દિવસે જ ખુદાવન્દે આલમે જનાબ મુસા અ.સ.ને દરબારી જાદુગરો ઉપર વિજય અપાવ્યો હતો.

(૬) આજના દિવસે જ જનાબ મુસા અ.સ.એ યુશેઅ-બિન-નુનને - જનાબ ઇસા અ.સ.એ શમઉન નબી અ.સ.ને જનાબ સુલૈમાન અ.સ.એ આસિફ-બિન-બરખિયા અ.સ.ને અને અન્ય અંબિયાએ પણ પોતપોતાના વસી અને ઉત્તરાધિકારી નિયુક્ત કર્યા હતાં.

(૭) આજના દિવસે જ નબીયે અકરમ સ.અ.વ.એ પોતાના સાથીઓ (અસહાબ)ને અરસ પરસ એક બીજાના ભાઇ બનાવ્યાં હતાં.

(૮) આજના દિવસે જ ઈમામ અલી અ.સ.ની ઝુંટવી લેવામાં આવેલી જાહેરની ખિલાફત સન ૩૪ હિજરીમાં આપના હાથોમાં સોંપવામાં આવી હતી.

# અમારા પ્રશ્નો - તમારા જવાબો

પ્રશ્ન - ૧ ઇમામ અલી અ.સ. અને ફાતેમા ઝહરા સલા.નો મુબારક અકદ (લગ્ન) કઇ સનમાં થયો હતો ?

(અ) ૨ હિજરી (બ) ૩ હિજરી (ક) ૬૬૬ ઇ.સ. (ડ) ૧૧ - હિજરી

પ્રશ્ન - ૨ અર્શે ઇલાહી ઉપર અલી અ.સ. અને ફાતેમા સલા.ના અકદ (લગ્ન)ના સાક્ષી કોણ બન્યાં હતા ?

(અ) હામેલાને ફર્શ (બ) હામેલાને અર્શ

(ક) જિબ્રાઇલ અ.સ (ડ) રાહીલ

પ્રશ્ન - ૩ અકદે ફાતેમા સલા.ના પ્રસંગે દેખીતી રીતે ઉંટની લગામ કોણે પકડી હતી ?

(અ) અબૂઝર (બ) કંબર (ક) સલમાન ફારસી (ડ) મિકદાદ

પ્રશ્ન - ૪ ઇમામ મુહમ્મદ બાકિર અ.સ.ની શહાદત કયા દિવસે થઇ હતી ?

(અ) ૭ -ઝુલહજ સને ૧૧૪ હિજરી (બ) ૭ - રજબ સને ૧૧૫ હિજરી

(ક) ૧૭ ઝુલહજ સને ૧૨૦ હિજરી (ડ) ૧૦ ઝુલહજ સને ૧૧૪ હિજરી

પ્રશ્ન - ૫ આપ સ.અ.વ.એ કયા દિવસે પોતાની મસ્જિદમાંથી હઝરત અલી અ.સ. સિવાય તમામ લોકોના બારણા બંધ કરાવી દીધાં હતાં ?

(અ) જંગે બદરના દિવસે (બ) હજના દિવસે

(ક) મક્કાના વિજયના દિવસે (ડ) અરફાના દિવસે

પ્રશ્ન - ૬ ઇમામ હુસૈન અ.સ.એ કયા દિવસે મક્કાને છોડયું હતું ?

(અ) ઇદે કુરબાનીના દિવસે (બ) હજના દિવસે

(ક) અરફાના દિવસે (ડ) બધાં ખરા.

પ્રશ્ન - ૭ ઇમામ હુસૈન અ.સ.એ કુફામાં કોને પોતાના પ્રતિનિધિ બનાવીને મોકલ્યાં હતાં ?

(અ) જનાબ અબ્બાસ અ.સ. (બ) જનાબ મુસ્લિમ અ.સ.

(ક) જનાબ હુર (ડ) જનાબ હબીબ ઇબ્ને મઝાહિર

પ્રશ્ન - ૮ નબી સ.અ.વ.એ પોતાના અંતિમ હજ પછી ઇમામ અલી અ.સ.ને કયા સ્થળે મૌલા બનાવ્યાં હતાં ?

(અ) ગદીરે ખુમમાં (બ) મિનાના મેદાનમાં

(ક) મદીના મુનવ્વરામાં (ડ) મક્કા મોઅઝ્ઝમામાં

પ્રશ્ન - ૯ ગદીરના દિવસે કયા મહાન બનાવો બન્યાં હતાં ?

(અ) વિલાયતની ઘોષણાં (બ) જનાબ આદમ અ.સ.ની તૌબાનુ કબુલ થવું

(ક) ઇમામ અલી અ.સ.ની જાહેરની ખિલાફત (ડ) તમામ ખરાં

પ્રશ્ન - ૧૦ ખુદાવન્દે આલમે કઇ બાબતનો ઇન્કાર કરવાવાળાને પોતે કદી માફ નહીં કરે તેવી ઘોષણાં નબી સ.અ.વ.એ ગદીરના મેદાનમાં કરી હતી ?

(અ) અંબિયાની નબુવ્વત (બ) તવહીદ

(ક) હઝરત અલી અ.સ.ની વિલાયત (ડ) રિસાલતે અહમદી

# વિલાયતનું ઇનામ



હજના આઅમાલ અને અરકાનથી પરવારીને કાફલો મક્કાથી રવાના થઇને અનેક સ્થળોએથી પસાર થઇને 'ગદીરના મેદાન'માં પહોંચી ગયો હતો. આ એક મહાન કાફલો હતો જેમાં એક લાખ કરતાં પણ વધારે હાજીઓ સામેલ હતાં. નબી સ.અ.વ. અને અલી અ.સ.ના સાચા ચાહવાવાળાઓએ ઇશારો થતાં જ સ્ટેજ (મિમ્બર) તૈયાર કરી દીધું, નબી સ.અ.વ. મિમ્બર ઉપર તશરીફ લઇ ગયા, સાથે અલી અ.સ.ને પણ લીધા, તે પછી એક સવિસ્તાર ભાષણ કર્યું અને છેવટે જે ઇમામતની ઘોષણાંને લોકો સુધી પહોંચાડવા આપ સ.અ.વ. નિયુક્ત થયા હતાં તેની ઘોષણાં કરી. અલી અ.સ. અને અન્ય અઇમ્મા અ.સ.ની વિલાયત અને ઇમામતને લોકોને વર્ણવીને આ વિલાયતનો સ્વીકાર કરવાના પરિણામે જે મહાન ઇનામો મળવાપાત્ર થાય છે તેનું વર્ણન કરતાં ફરમાવ્યું કે : “હે લોકો ! અલી અ.સ.ની વિલાયતમાંથી ફરી જતાં નહીં, આ એજ છે કે જે હકની હિદાયત કરશે અને તે પ્રમાણે ચાલશે. શ્રેષ્ઠતા આપો કેમકે ખુદાએ જ તેમને આ પદ આપ્યું છે અને આ પદે નિયુક્ત કર્યા છે. લોકો ! આ ખુદાની તરફથી ઇમામ છે. એમની વિલાયતને જે સ્વીકારશે નહીં તેને કદીયે માફી આપવામાં નહીં આવે અને તેની તૌબા પણ કબુલ થશે નહીં...” જિબ્રઇલ અ.સ.એ મને અલ્લાહનો આ હુકમ પહોંચાડયો છે કે જે કોઇ પણ અલી અ.સ. સાથે દુશ્મનાવટ રાખે તેને કદીયે પોતાનો મિત્ર બનાવશો નહીં, અને તેના





ઉપર મારો ક્રોધ (ગઝબ-અઝાબ) અને લાનત હશે... જાણી લો કે મારા ભાઇ અલી અ.સ. સિવાય તમારો કોઇ અમીરૂલ મોઅમેનીન નથી. મારા પછી લોકો ઉપર અલી અ.સ. સિવાય બીજા કોઇનું શાસન હલાલ નથી. વિલાયતની આ ઘોષણા પછી જિબ્રઇલ અ.સ. નાઝિલ થયા અને અલ્લાહની આ આયત પહોંચાડી. " આજે તમારા માટે મેં દીનને પરિપૂર્ણ કરી દીધો અને મારી નેઅમત તમારા પર સંપૂર્ણ કરી દીધી અને દીને ઇસ્લામ તમારા માટે પસંદ કરી લીધો છે." (માએદા - આયત -૩) (તકવીમે શીઆ - પા. ૩૧૧)

આ તો ગદીરના મેદાનના સમાચાર હતાં. પરંતુ હવે આવો ઇમામ રિઝા અ.સ.ના દરબારમાં, આ વિલાયતના ઇનામોને આ રીતે વણવ્યાં છે કે : જ્યારે ખુદાવન્દે આલમે અમો અહલેબૈત અ.સ.ની વિલાયતને રજુ કરી તો (કબુલ કરનારાઓ પૈકી ) કોને શું મળ્યું ? જ્યારે આ વિલાયત રજુ કરવામાં આવી તો સૌથી પહેલાં સાતમાં આસમાનવાળાઓએ તેને સ્વીકારી લીધી તેથી તેને "અર્શે ઇલાહી " અલ્લાહના અર્શથી શણગારવામાં આવ્યો જ્યારે ચોથા આસમાનવાળાઓએ સ્વીકારી તો તેમને "બયતુલ માઅમૂર" વડે સજાવવામાં આવ્યો અને જ્યારે પ્રથમ આસમાનવાળાઓએ સ્વીકારી તો તેને તારાઓથી મઢી દેવામાં આવ્યો જ્યારે પૃથ્વીના જુદા જુદા ભાગોને આ વિલાયત રજુ કરવામાં આવી તો સૌથી પ્રથમ"મક્કા" એ તેનો સ્વીકાર કર્યો તેથી તેને "ખાનએ-કાઅબા" જેવી મહાન દોલતથી સન્માનવામાં આવ્યો જ્યારે "મદીના" એ કબુલ કરી તો તેને 'બારગાહ રસૂલ સ.અ.વ.' જેવી દોલત મળી જ્યારે "કૂફા" એ સ્વીકારી તો તેને "અમીરૂલ મોઅમેનીન"ના અસ્તિત્વથી સુસજ્જિત કરવામાં આવ્યું, એટલે સુધી કે જ્યારે



પર્વતોને આ વિલાયત રજુ કરવામાં આવી તો સૌથી પ્રથમ પન્ના - અકીક અને નિલમના પર્વતોએ તેને સ્વીકારી તેથી ખુદાએ તેમને બધાં પત્થરોમાં કીંમતી બનાવી દીધાં. જ્યારે સોનાં ચાંદીએ સ્વીકારી તો તેમને (ધાતુઓમાં) કીમતી બનાવી દીધાં અને જે પર્વતોએ આ વિલાયત સ્વીકારી નહીં ત્યાં કાંઇ ઉગતું નથી, પાણીને અસ્વીકારને કારણે ખારું અને કડવું બનાવી દેવામાં આવ્યું. વનસ્પતિઓ - ફળોમાં જેમણે સ્વીકાર કર્યો તેમને સ્વાદિષ્ટ અને મીઠા બનાવવામાં આવ્યાં અને ઇન્કાર કરનારને અસ્વાદિષ્ટ બનાવી દેવામાં આવ્યાં. પક્ષીઓમાં સ્વીકારનારાઓની બોલીને મધુર - કર્ણપ્રીય અને અસ્વીકાર કરવાવાળા પક્ષીઓની બોલીને સાંભળવી ન ગમે તેવી બનાવી દીધી (અસબાતુલ હિદાયાહ ભા. ૨ પા. ૧૯૮ - બિહાર ભા-૩૧-પા ૪૯૩)

તેથી હવે આપણે "ગદીરના મેદાન"ના સંદેશને ભૂલી જવો જોઇએ નહીં. નબી સ.અ.વ.એ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે : "અલી અ.સ. ખુદા તરફથી ઇમામ છે. તેમની વિલાયતને નહીં માનવાવાળાને કદીયે માફ કરવામાં આવશે નહીં."



# આર્ટ ગેલેરી



વહાલા બાળકો, અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં આપેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.

فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ

આપણા ચહેરાને (નમાઝની હાલતમાં) કિબ્લા તરફ રાખો





# ઈમામ હુસૈન અ.સ.ના એલચી (પ્રતિનિધી)ની શહાદત

આજે અરફાતના દિવસે જ કૂફામાં ઇમામ હુસૈન અ.સ. તરફથી એલચી અને પ્રતિનિધી બનાવીને મોકલવામાં આવ્યા હતા તે જનાબ મુસ્લિમની શહાદત થઇ હતી. આપ ઇમામ હુસૈન અ.સ.ના પિતરાઇ ભાઇ અને બનેવી હતાં કેમકે ઇમામ અલી અ.સ.ની એક દીકરી રૂકૈયાના લગ્ન આપની સાથે થયાં હતાં.

આપના વિષે રસૂલે અકરમ સ.અ.વ.નો ઇર્શાદ છે કે "મોઅમેનીનની આંખો આપના ઉપર આંસૂ સારતી રહેશે અને અલ્લાહના ખાસ ફરિશ્તાઓ આપના ઉપર દરૂદ પઢતાં રહેશે."

જયારે કૂફાવાસીઓના પત્રો સતત આવવા લાગ્યા ત્યારે ત્યાંની પરિસ્થિતિ તદ્દન પ્રતિકુળ હોવા છતાં પણ દલીલોને પૂર્ણ કરવા માટે ઇમામ હુસૈન અ.સ.એ જનાબ મુસ્લિમને પોતાના પ્રતિનિધી બનાવીને કૂફા મોકલ્યા અને ફરમાવ્યું કે : "હું તમારી પાસે મારા ભાઇ - કાકાના દીકરા અને અત્યંત ભરોસાપાત્ર વ્યક્તિને મોકલી રહ્યો છું."

આપ કૂફા આવ્યા તે પછી થોડાક દિવસો સુધી  કૂફાવાસીઓએ આપનો સાથ આપ્યો પરંતુ તે પછી બહુમતિની સંખ્યામાં લોકો ઇબ્ને ઝિયાદના પ્રપંચમાં આવી ગયા અને બીક અને લાલચને કારણે આપનો સાથ છોડી દીધો. કેટલાંક વફાદાર સાથીઓએ છેવટ સુધી આપનો સાથ આપ્યો પરંતુ તે પણ માર્યા ગયા.


E-mail : hadimasik@yahoo.com






ખરાખરીના યુધ્ધ પછી છેવટે આપને પણ કેદ પકડી લઇને આપનો સતત સાથ આપી રહેલા આપના સાથી જનાબ હાની સાથે શહીદ કરી દીધાં. જ્યારે આ બંને મહાનુભાવોની શહાદતના સમાચાર ઇમામ હુસૈન અ.સ.ને મળ્યા તો આપે ફરમાવ્યું : “ઇન્ના લિલ્લાહે - વ - ઇન્ના ઇલયહે રાજેઊન - આ બંનેના મૃત્યુ પછી હવે આ જગત માટેના જીવનમાં કોઇ સારા પણું - સાર રહ્યો નથી.”

## હાનીની શહાદત

જનાબ હાનીને જનાબ મુસ્લિમનો સાથ આપવા માટે અને જ્યારે જનાબ મુસ્લિમ એકલા અટુલા પડી ગયા હતાં તે સંજોગોમાં તેમને રક્ષણ દેવાને કારણે, ઘણાંજ અત્યાચારપૂર્ણ રીતે શહીદ કરવામાં આવ્યા હતાં. પહેલાં તો તેમના નાક અને માથા ઉપર પ્રચંડ ઘા કરવામાં આવ્યા હતાં, પછી બજાર મધ્યેજ આપનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો, તે પછી તેમના મૃત શરીરને દોરડા વડે જનાબ મુસ્લિમના મૃત શરીર સાથે બાંધીને ઘસડવામાં આવ્યું હતું અને તે પછી બંનેના શરીરોને શૂળી ઉપર લટકાવી દેવામાં આવ્યાં હતાં.



# બાળકોની ડાયરી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**




મિસમ બી.



બુખારી અલીનવાઝ
મહેંદી સ્કૂલ, ભાવનગર.



મિઠવાણી સજ્જાદ
સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.



મિઠવાણી હસનૈન રઝા હબીબઅલી
સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.

નોંધ : આપે મોકલેલ પત્રો તેમજ ચિત્ર (એ-૪) સાઈઝના પેપરમાં જ મોકલવા, એ-૪ થી મોટી સાઈઝ હશે તો તે છાપવામાં નહીં આવે.



# પત્રાવલી



વહાલા બાળકો,
આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



નકવી અલીનવાઝ
સાદાત કોલોની, રહેમત પાર્ક, મહુવા.



નકવી અલી નવાઝ, નકવી અનવર હુસૈન
સાદાત કોલોની, રહેમત પાર્ક, મહૂવા.




જમાણી સલમા
ખોજા મસ્જીદ પાસે, રાજૂલા.

## બાલ રોજેદાર



શાનમ ઝહેરા
અલીહુસેન ગોવાણી
પાલીતાણા.



ખતીજા
અસગરઅલી બદામી
રાજૂલા, ભાવનગર.



ભાયાણી હસનૈન રઝા
આશીકઅલી



# મૌલા અલી અ.સ. અને શેહઝાદી ફાતેમા સલા.ના નિકાહની કેટલીક ખાસિયતો

મોટા ભાગની રિવાયતોથી એ હકીકત જાહેર થએલ છે કે સને બે હિજરીમાં આ મહીનામાં ઇમામ અલી અ.સ. અને જનાબ શહેઝાદીએ કાએનાત સલા.ના નિકાહ થયા હતાં. આ નિકાહ એટલો મહાન આદરને પાત્ર હતો કે ઇમામ જાઅફરે સાદિક અ.સ.નું ફરમાન છે કે "જો ખુદાએ અમીરૂલ મોઅમેનીન અ.સ.ને પેદા જ ન કર્યા હોત તો સમગ્ર પૃથ્વી ઉપર કોઇ મનુષ્ય એ લાયક હતો નહીં કે જેની સાથે હઝરત ઝહરા સલા.ના નિકાહ થઇ શકે."

જ્યારે જનાબ ફાતેમા ઝહરા સલા.ની વય શાદી લાયક થઇ ગઇ ત્યારે (અરબના) ઘણાં મોટા-મોટા માણસોએ તેમની સાથે શાદી કરવાની ઇચ્છા જણાવીને નબી સ.અ.વ. પાસે માંગા પણ લઇને આવ્યાં પરંતુ નબી સ.અ.વ.એ ખુદાના હુકમથી એ બધાં માંગા રદ કરી દીધાં અને કહી દીધું કે : "મેં આ માંગા રદ નથી કર્યા પરંતુ ખુદાએ રદ કર્યા છે કેમકે ફાતેમા સલા.ની શાદીનો મામલો તો ખુદાના હાથમાં છે."

ખુદાવન્દે આલમે શાહઝાદીયે કાએનાત સલા.ને ઇમામ અલી અ.સ. માટે જ જન્મ આપ્યો હતો અને રિવાયતથી એવું પણ જાણવા મળે છે કે આ બંને મહાન વ્યક્તિઓના લગન આસમાન ઉપર





E-mail : hadimasik@yahoo.com

થયા હતા. જનાબ ફાતેમા સલા. તરફથી લગ્નની સ્વીકૃત્તિના વકીલ જનાબ જિબ્રઇલ અ.સ. હતાં, નિકાહનો ખુત્બો પઢનાર રાહીલ હતાં અને આ નિકાહના સાક્ષીઓ અર્શના ધારકો (હામેલાને અર્શ) અને ૭૦ હજાર ફરિશ્તાઓ હતાં. લગ્ન પ્રસંગે જન્નતનો રિઝવાન (ખજાનચી) મોતીઓ અને જર-ઝવેરાત લુટાવતો હતો.

પૃથ્વી ઉપર જ્યારે નિકાહ થયો ત્યારે પયગમ્બરે અકરમ સ.અ.વ. અથવા જિબ્રઇલ અ.સ. સરસાઇલ અને મીકાઇલે અકદ પઢયો. તે વખતે સરસાઇલ નામના ફરિશ્તાના ખભા ઉપર લખેલું હતું કે "લાઇલાહા - ઇલ્લલ્લાહ - મોહમ્મદુર્રસુલુલ્લાહ - અલી - ઇબ્ને - અલી તાલિબ મુકીમુલજન્નાહ" આ લખાણ જોઇને નબી સ.અ.વ.એ ફરમાવ્યું : "આ લખાણ કોણે લખ્યું છે ?" તેણે કહ્યું કેઃ " હે અલ્લાહના રસૂલ જગતના સર્જનથી ૧૨ હજાર વરસ પહેલાં આ વાક્ય મારા ખભા ઉપર લખવામાં આવ્યું હતું."

ફાતેમા ઝહરા સલા.ની વિદાય (રૂખસ્તી)ની બાબતમાં એવું વર્ણન થએલું છે કે "ફાતેમા ઝહરા સલા.ને વિદાય આપીને ઇમામ અલી અ.સ.ના ઘરે એવા ઠાઠ-માઠથી લઇ જવામાં આવ્યાં કે પયગમ્બર સ.અ.વ. પોતે આગળ હતાં, જમણી બાજુ જિબ્રઇલ અ.સ. હતાં અને ડાબી બાજુ મીકાઇલ અ.સ. હતાં. ૭૦ હજાર ફરિશ્તાઓ પાછળ



પાછળ હતાં અને ખુદાની તસ્બીહ કરતાં હતાં અને તેની પવિત્રતાના ગુણગાન ગાતાં હતાં. જિબ્રઇલ અ.સ.એ ઉંટની લગામ પકડેલી હતી. ઇસરાફીલે પેંગડૂ પકડી રાખ્યું હતું. મીકાઇલ તેમને સહારો આપતા હતાં. પયગમ્બર સ.અ.વ. ઝહરા સલા.ના વસ્ત્રોને ઠીક કરતાં હતાં અને ૭૦ હજાર ફરિશ્તાઓ વારંવાર ''અલ્લાહો અકબર''ના નારા લગાવતાં હતાં.

હા, દેખાવ પૂરતી ઉંટની લગામ જનાબ સલમાન ફારસીએ પકડી રાખી હતી અને હમઝા અકીલ જાઅફર અને અન્ય બીજા બની હાશિમ શકય ખતરાને પહોંચી વળવા તલવારો લઇને ચાલતાં હતાં.

છેવટે પયગમ્બર સ.અ.વ.એ બધાંને મસ્જિદમાં બોલાવ્યાં, ત્યાં બધાની સમક્ષ ફાતેમા સલા.નો હાથ ઇમામ અલી અ.સ.ના હાથ ઉપર મુકીને દુઆ કરી "હે અલ્લાહ-અલ્લાહના રસૂલની દીકરીના વંશમાં બરકત અતા ફરમાવ ! " તે પછી બીજી પણ કેટલીક દુઆઓ આપીને પયગમ્બર સ.અ.વ. બહાર પધાર્યા ને બારણાંને પકડીને કહ્યું. : "ખુદાવન્દે આલમ તમો બંનેને પવિત્ર રાખે ને તમારા વંશને પણ પવિત્ર રાખે. હું એ વ્યક્તિની સલામતી ચાહું છું જે તમારી સલામતી ચાહતો હોય."


# મુબારકબાદ

"હાદી" માસિકના કાર્યકર્તાઓ તરફથી

તમામ હાદી મિત્રોને

**ઈદે કુરબાન • ઈદે ગદીર • ઈદે મુબાહેલા**

ની મુબારકબાદ પાઠવીએ છીએ.

# સાચા જવાબો

પ્રશ્ન:૧ માહે ઝિલ્કાદના પ્રારંભના દિવસોને કયો હફતો (સપ્તાહ) કહેવામાં આવે છે ?
(ક) હફ્તે એ વિલાયત

પ્રશ્ન:૨ આ મહીનામાં કયા મહાન ભાઈ–બહેનની વિલાદત થઈ છે?
(ડ) ઈમામ રિઝા અ.સ. અને જનાબ માઅસૂમએ કુમ સલા.

પ્રશ્ન–૩ ઈમામ રિઝા અ.સ.ની વિલાદત અને શહાદત ઝિલકાઅદતુલ હરામની કઈ તારીખોએ થઇ હતી ?
(અ) ૧૧–૨૩

પ્રશ્ન:૪ ઈમામ રિઝા અ.સ.ની વિલાદત અને શહાદત બંને કયા માસમાં થઈ હતી ?
(અ) ઝિલકાઅદ

પ્રશ્ન:૫ ઝિલકાઅદના મહીનામાં નબીયે અકરમ સ.અ.વ.એ ખુબજ અગત્યની કઈ સંધિ (સુલેહ) ફરમાવી હતી ?
(બ) હુદૈબિયા

પ્રશ્ન:૬ ઝિલકાઅદના મહીનામાં ખાનદાને અહલેબૈતનો કયો ખુબ જ મોટો શત્રુ જહન્નમમાં ગયો હતો ?
(ક) અશ–અશ–બિન–કૈસ

પ્રશ્ન:૭ નબીયે અકરમ સ.અ.વ.એ પોતાના આખરી હજ માટે ઝિલકાઅદની કઈ તારીખે રવાનગી ફરમાવી હતી ?
(અ) ૨૦

પ્રશ્ન:૮ નબી સ.અ.વ. સાથે આખરી હજમાં કેટલાં લોકો સામેલ થયાં હતાં ?
(ડ) એક લાખ ઉપરાંત

પ્રશ્ન:૯ ઈમાનની કડીઓમાંથી સૌથી મજબૂત કડી કઈ છે ?
(ડ) અલ્લાહની પ્રસન્નતા

પ્રશ્ન:૧૦ નબીયે અકરમ સ.અ.વ.એ પોતાના આખરી હજ ઉપરથી પરત ફરતાં માર્ગમાં કયા મહત્ત્વના હોદ્દાની ઘોષણા કરી હતી ?
(ક) ઈમામત


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૬૯૬૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨


**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.



# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612
**E-mail : hadimasik@yahoo.com**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*

